# જાલોર કિલ્લાના લેખો.

મારવાડ દેશના દક્ષિણ ભાગમાં જાલોર નામનું એક શહેર અને જીલ્લાનું મુખ્ય મથક છે. મારવાડની રાજધાની જોધપુરથી ૮૦ માઇલ દૂર અને સુદડી નદીના કાંઠે તે નગર વસેલું છે. જૂના લેખો અને ગ્રંથોમાં આ નગરનું જાબાલીપુર એવું નામ મળી આવે છે. સુપ્રસિદ્ધ શ્વેતામ્બર આચાર્ય જિનેશ્વરસૂરિએ વિ. સં. ૧૦૮૦ માં હરિભદ્રાચાર્ય વિરચિત 'અષ્ટક સંગ્રહ' નામના ગ્રંથ ઉપર પોતે રચેલી વિદ્વત્તા ભરેલી ટીકાનું સમાપન આજ નગરમાં કર્યું હતું. બીજા પણ અનેક ગ્રંથોમાં આનું નામ મળી આવે છે. આ ઉપરથી જણાય છે કે પ્રાચીન કાળમાં આ સ્થાન જૈનસંસ્કૃતિ અને જાહોજલાલી ભરેલું હતું. રાજકીય ઇતિહાસ ઉપર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે પ્રથમ ત્યાં પરમારોનું રાજ્ય હતું. જાલોરમાંથી મળી આવતા લેખોમાં સૌથી જુનો લેખ ' સં. ૧૧૭૪ આષાઢ સુદિ ૫ ભૌમે ' ની મિતિનો છે અને તેમાં રાજકર્તા તરીકે વીસલ નામના પરમારનો ઉલ્લેખ છે. આ લેખમાં વીસલના પહેલાંના ૬ રાજાઓનાં નામો આપેલાં છે. દરેક રાજાના ૨૦ વર્ષ, આ પ્રમાણે ગણિએ તો એકંદર ૧૨૦ વર્ષ પૂર્વે-અર્થાત વિ. સં. ૧૦૫૪ ( ઈ. સ. ૯૯૭) થી ત્યાં એ વંશ રાજ્ય કરતો હતો એમ માની શકાય. પરમારો પછી ત્યાં ચાહમાનો ( ચોહાણો ) નો અધિકાર થયો. એ લોકોના અધિકારની શરૂઆત કયારથી થાય છે તે હજી ચોક્કસ જણાયું નથી પરંતુ સુન્ધા ટેકરીના લેખમાં જણાવ્યા પ્રમાણે કીર્તિપાલ ચોહાણે નાડોલથી પોતાની રાજધાની જાલોરમાં આણી હતી. બીજા પ્રમાણો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરથી જણાય છે કે કીર્તિપાલે વિ. સં. ૧૨૩૬ થી ૩૯ સુધી રાજ્ય કર્યું હોવું જોઇએ. તેના પુત્ર સમરસિંહે જાલોરની સમીપમાં આવેલા કનકાચલ અથવા સુવર્ણગિરિ નામના પહાડ ઉપર મજબૂત કિલ્લો બંધાવ્યો. છેવટે કાન્હડદેવના વખતમાં દિલ્હીના સુલ્તાન અલ્લાઉદ્દીન ખીલજીએ જાલોર ઉપર ચઢાઈ કરી વિ. સં. ૧૩૬૮ માં ત્યાં પોતાની હકૂમત જાહેર કરી. ત્યાર બાદ ત્યાં મુસલમાનોનોજ લાંબા સમય સુધી અધિકાર રહ્યો. હાલમાં જોધપુરના રાઠોડોના વિશાલ રાજ્યનું માત્ર તે એક જીલ્લાનું ઠેકાણું ગણાય છે.

જાલોર ગામમાં એક મ્હોટી કબર આવેલી છે જેનો હાલમાં તોપખાના તરીકે ઉપયોગ થાય છે. આ કબરનો ઘાટ અજમેરમાં આવેલી સુપ્રસિદ્ધ કબર કે જેને ત્યાંના લોકો ' अढाइ दिन का झोंपडा ' કહે છે તેના જેવો છે. આ કબર મ્હોટા ભાગે જૈનમંદિરો ભાંગી તેમના સામાનથી બંધાવવામાં આવી છે એમ એની બાંધણી અને સ્તંભો ઉપર આવેલા જુદા જુદા લેખો ઉપરથી જણાય છે. હિંદુઓના મંદિરના અવશેષો પણ થોડા ઘણા માલમ પડે છે તેથી તેમનો પણ આના માટે ભોગ લેવાયલો અવશ્ય છે.

શ્રીયુત ડી. આર. ભાંડારકરના ઉલ્લેખ પ્રમાણે ( જુઓ, આર્કિઓલૉજીકલ વેસ્ટર્ન સર્કલ પ્રોગ્રેસ રીપોર્ટ, સન ૧૯૦૫–૬ ) " આ કબર ઓછામાં ઓછા ચાર દેવાલયોની સામગ્રીવડે બનાવવામાં આવી છે જેમાંનું એક તો સિંધુરાજેશ્વર નામનું હિંદુ મંદિર છે અને બીજા ત્રણ આદિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર નામના જૈન મંદિરો છે. આમાંનું પાર્શ્વનાથનું મંદિર તો કિલ્લા ઉપર હતું. "

( ૩૫૧ )

આ નંબરવાળો લેખ ઉપર વર્ણવેલી કબરની પરસાળના એક ખૂણામાં આવેલા સ્તંભો ઉપરના એક ઉપર એક રહેલા એમ બે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોરસામાં કોતરેલો મળી આવ્યો છે. કબર બાંધતી વખતે બરોબર ગોઠવવા સારૂં પત્થરનો એક તરફનો થોડોક ભાગ કાપી ન્હાંખવાથી લેખની દરેક લીટીનો પ્રારંભનો કેટલોક અંશ ખંડિત થઇ ગયો છે. લેખનું વર્ણન શ્રીયુત ભાંડારકર નીચે પ્રમાણે કરે છે. ×

ઉપરના ચોરસામાં ૩ લીટી છે અને લેખ ૮' ૨½" પહોળો તથા ૪" લાંબો છે. નીચેના ચોરસામાં ચાર લીટી છે અને તે ૮' ૫" પહોળો તથા ૫" લાંબો છે. જો કે આ લેખો બે જુદા જુદા ચોરસા ઉપર કોતરેલા છે તો પણ ખરી રીતે એકજ બાબત તેમાં વર્ણાવેલી છે. જેટલો ભાગ વિદ્યમાન છે તે સારી સ્થિતિમાં છે. કોઇક કોઇક અક્ષરમાં ચૂનો ભરાઇ ગયો છે પરંતુ વાંચતા વિશેષ હરકત પડે તેમ નથી, તે નાગરી લિપિમાં લખાએલો છે. રાજપુતાનાના બીજા જૂના લેખોની માફક ख અક્ષરને બદલે બે સ્થાને ष કોતરાએલો છે. ब અને व માં ભેદ પાડવા માટે बના વચલા ગાળામાં એક ઝીણું ટપકું કરેલું છે. ભાષા સંસ્કૃત છે અને કેટલોક ભાગ ગદ્યમાં અને કેટલોક પદ્યમાં છે. પદ્યના સૂચન માટે અંકો કરેલાં છે અને તેમની સંખ્યા સાત છે. પૂર્વેના र् પછીનો ट અક્ષર બેવડો કરેલો છે. પ્રથમ પંક્તિમાં क्रम શબ્દનો પ્રયોગ કરેલો છે જેનો અર્થ પ્રસ્તુતમાં ' ચરણ=પગ ' એવો થાય છે. બીજો શબ્દ तस्कर ( પં. ૨ ) છે જેનો અર્થ ' બહારવટીયા ' =ઠગ ' એવો થાય છે.

આ લેખની આરંભમાં નાભેય એટલે પ્રથમ તીર્થંકર ઋષભદેવની સ્તવના છે ( પં. ૧ ). પછી, ગદ્યમાં મહારાજા કીર્તિપાલદેવના પુત્ર મહારાજ સમરસિંહદેવનો ઉલ્લેખ છે. આ કીર્તિપાલદેવ ' ચાહમાન-વંશરૂપી આકાશમાં ચંદ્રસમાન ' મહારાજા અણહિલના વંશોત્પન્ન મહારાજા આલ્હણનો પુત્ર હતો. ત્યાર પછી રાજપુત્ર અને રાજ્યહિત-ચિંતક જોજલનું નામ છે અને તેને પીલ્વાહિક પ્રાંતના સઘળા તસ્કર એટલે બહારવટિઆઓનો તિરસ્કારક જણાવ્યો છે. ત્યાર બાદ બે પદ્ય

× એપિગ્રાફિઆ ઇન્ડિકા, પુ ૧૧, પૃ. ૫૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જેમાં એકમાં સમરસિંહદેવના વખાણ કર્યાં છે અને બીજામાં તેના મામા જોજલનું સૂચન છે. કીશનગઢ સ્ટેટની સરહદ ઉપર આવેલા જોધપુર રાજ્યના પરબતસાર પ્રાંતનું પાલવા એજ પાલ્હાહિકા હોવું જોઇએ અને હાલમાં ત્યાં વસતા ' બાવરી ' લોકો તેજ તસ્કરો હશે. આના પછી ગદ્ય આવે છે ( પં. ૪–૫ ). સ્તુતિપદ્ય તથા અંતિમપદ્ય ઉપરથી એમ જણાય છે કે જે મંડપમાં પહેલાં આ લેખ કોતરવામાં આવ્યો હશે, અને જે પ્રથમ તીર્થંકરના મંદિરમાં આવેલો હશે, તે મંડપના વિષયમાં લખે છે કે—' આ મંડપ શ્રીમાલવંશના શેઠ યશોદેવનો પુત્ર શેઠ યશોવીર જે એક પરમશ્રાવક હતો તેણે કરાવ્યો હતો. આ કાર્યમાં તેના ભાઈ યશોરાજ અને જગધર તથા બીજા સકલ ગોષ્ઠિકો ( શ્રાવકો ) તેના સાથી હતા. એ યશોવીર ચંદ્રગચ્છના આચાર્ય શ્રી ચંદ્રસૂરિના શિષ્ય પૂર્ણભદ્રસૂરિનો પૂર્ણ ભક્ત હતો. આ મંડપ બંધાયાની મિતિ ' વિ. સં. ૧૨૩૯ ના વૈશાખ શુદી ૫ ગુરૂવાર ' છે. પછી ૪ થી ૭ સુધીના પદ્યોમાં મંડપની પ્રશંસા છે. છેવટે જણાવ્યું છે કે પૂર્ણભદ્રસૂરિએ આની ( પ્રશસ્તિ–લેખની ) રચના કરી છે.

( ૩૫૨ )

ઉપર જણાવેલી કબરની મેહરાબ ઉપર આવેલા માળમાંના એક ઉંચા ચોરસા ઉપર આ નંબરવાળો લેખ કોતરેલો દષ્ટિગોચર થાય છે. લેખ ૬ પંક્તિમાં લખેલો છે અને તેનો માપ પહોળાઇમાં ૨′ ૮$\frac{૫}{૮}$″ અને લંબાઇમાં ૫$\frac{૧}{૨}$″ છે. લિપી નાગરી અને ભાષા સંસ્કૃત ગદ્ય છે. व ને ब વચ્ચે ભેદ ન પાડતાં સર્વત્ર व જ કરવામાં આવ્યો છે. र પછીનો ण બેવડાએલો છે. લેખની હકીકત આ પ્રમાણે છે—

સં. ૧૨૨૧ ની સાલમાં, જાવાલિપુર ( જાલોર ) ના કાંચનગિરિ ગઢ ઉપર, આચાર્ય શ્રી હેમચંદ્રે પ્રતિબોધ આપેલા ગુર્જર મહારાજા પરમાર્હત શ્રીકુમારપાલ ચૌલુકયે 'કુવર વિહાર' નામનું મંદિર બંધાવ્યું હતું અને જેમાં પાર્શ્વનાથ દેવની મૂળનાયક તરીકે સ્થાપના કરી હતી. તે મંદિર, બૃહદ્‌ગચ્છના વાદીન્દ્ર દેવાચાર્યના પક્ષ–સમુદાયને એવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છાથી સમર્પણ કર્યું કે મંદિરમાં શાસ્ત્રોકત રીતિએ હમેશાં પ્રવૃત્તિ થતી રહે.

પછી, સં. ૧૨૪૨ ની સાલમાં, આ દેશના અધિપતિ ચાહુમાન ( ચોહાણ ) શ્રી સમરસિંહ દેવની આજ્ઞાથી ભાં. ( ભાંડાગારી-ભંડારી) પાંસૂના પુત્ર ભાં. યશોવીરે એ મંદિરનો સમુદ્ધાર કર્યો.

ત્યાર બાદ, સં. ૧૨૫૬ માં જેષ્ઠ સુદી ૧૧ ના દિવસે રાજની આજ્ઞાથીજ શ્રીદેવાચાર્યના શિષ્ય પૂર્ણદેવસૂરિએ પાર્શ્વનાથદેવના તોરણ આદિની પ્રતિષ્ઠા કરી. શિખરના ઉપર સુવર્ણમય ધ્વજાદંડની સ્થાપના કરી અને તેમાં ધ્વજારોપણ કર્યું.

પછી, સં. ૧૨૬૮ માં દીપોત્સવ એટલે દીવાળીના દિવસે, નવીન તૈયાર થએલા પ્રેક્ષામંડપની ( જ્યાં આગળ બેસીને લોકો મંદિરમાં થતી ક્રિઆઓ તથા પૂજાઓ વિગેરે જોઇ શકે, તેની ), પૂર્ણદેવસૂરિના શિષ્ય રામચંદ્રસૂરિએ, સુવર્ણમય કળસની સ્થાપના સાથે પ્રતિષ્ઠા કરી.

આ લેખ કેટલીક બાબતો ઉપર વિશેષ પ્રકાશ પાડે છે જેમનો ઉલ્લેખ કરવો અત્ર ઉપયોગી થઇ પડશે. ઐતિહાસિક દૃષ્ટિએ વધારે ધ્યાન ખેંચવા લાયક હકીકત એ છે કે મૂલ પ્રથમ આ મંદિર ગુજરાતના પ્રતાપી અને પ્રસિદ્ધ નૃપતિ કુમારપાલે બંધાવ્યું હતું. કુમારપાલના ચરિતવર્ણને સંબંધી લખાયેલા અનેક ગ્રંથોમાં એવા ઉલ્લેખો છે કે તેણે ઠેકાણે ઠેકાણે પોતાના નામના-'કુમારવિહાર' એવા નામે-જૈન મંદિરો બંધાવ્યા હતાં. જો કે આ ઉલ્લેખોની સત્યતામાં શંકા લાવવાનું જરાએ પણ કારણ નથી છતાં પણ કેટલાકો તરફથી આવી શંકા કરવામાં આવે છે અને ગ્રંથોકત ઉલ્લેખ સિવાય બીજા આવા અસંદિગ્ધ પ્રમાણ તરીકે ગણાતા શિલાલેખના ટેકાની પણ ઉક્ત કથનમાં આવશ્યકતા જણાવી, તે ન મળવાથી, ચરિતવર્ણિત હકીકત માટે શંકિત નજરે જોવા-લખવાની પ્રવૃત્તિ જણાઇ આવે છે. આવી પ્રવૃત્તિનો પ્રતીકાર આ લેખથી થઇ જાય છે. બીજું, કેટલાક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાનો, કુમારપાલને જૈનો જે ' પરમાર્હત ' તરીકે સર્વત્ર લખે છે તેમાં પણ ધર્માનુરાગનો અતિરેક થયો ગણી ગ્રંથોકત વર્ણનોને અતિશયોક્તિના આકારમાં મૂકે છે. પરંતુ, આ લેખથી તેમના વિચારોનો પણ પ્રતિવાદ થઇ જાય છે. ગુર્જર સાહિત્યાકાશના પ્રકાશમાન્ નક્ષત્ર અને મ્હારા વૃદ્ધ સુહૃદ્ શ્રીયુત કે. હ. ધ્રુવ જેવા પુરાતત્ત્વનું તલસ્પર્શી જ્ઞાન ધરાવનાર વિશેષજ્ઞે પણ ' પ્રિયદર્શના ' ની પ્રસ્તાવનામાં " જૈનધર્મીઓ પ્રત્યે સદ્ભાવ બતાવનાર પરમ માહેશ્વર કુમારપાલ સોલંકીને જૈન બંધુઓ પરમ આર્હત માને છે " ( પ્રથમાવૃત્તિ પૃ. ૭૨ ) એમ વિચાર પ્રદર્શિત કર્યો છે અને પોતાના કથનના સમર્થનાર્થે, પાદટીકામાં, Epigraphia Indica II, 422, Chitorgadh fragmentary Inscription; Bhavnagar Inscriptions p. 112, pp 205–207 નું સૂચન કરે છે. * આ સૂચવેલા લેખોમાં કુમારપાલને ' ઉમાપતિવરલબ્ધ ' વિગેરેના મહેશ્વરાનુયાયીને શોભે તેવા વિશેષણો હોવાથી મ્હારા એ વિદ્વાન મિત્ર ઉકત મત બાંધવા પ્રેરાયા છે. પરંતુ ખુદ હેમચંદ્રાચાર્યના પોતાના રચેલા ગ્રંથોથી લઇ આજ પર્યંત લખાએલા અગણિત ગ્રંથો-નિબંધો કુમારપાલને પરમાર્હત તરીકે જણાવેલા ઉલ્લેખોની વિશાલ સેના સાથે આ લેખ અગ્રસર થઇ તેમના અભિપ્રાયને બાધકર્તા થાય છે. આ ઠેકાણે વાચકોને સહજ શંકા થશે કે ત્યારે શું કુમારપાલને જે લેખોમાં શિવભકતને શોભે તેવા વિશેષણો આપવામાં આવ્યાં છે, તે લેખો ખોટા છે? મ્હારા પ્રામાણિક વિચાર પ્રમાણે તે લેખો ખોટા નથી પરંતુ ખરા છે; પણ તેનો ખુલાસો આમ થાય છે-એક તો તે લેખો કુમારપાલે પૂર્ણ રીતે જૈનધર્મ સ્વીકાર્યો ન હતો તે સમયના છે, × તેથી તે વખતે તેવા

* છેલ્લા બે લેખો આ સંગ્રહમાં પણ ૩૪૫-૪૬ નંબર નીચે આપેલા છે.

× ચિત્તોડગઢનો લેખ સંવત્ ૧૨૦૭ માં લખાયો છે. બીજા બે લેખો જે મારવાડના છે તેમાં એકની મિતિ સં. ૧૨૦૯ ની છે. બીજાની મિતિ નથી આપી પરંતુ બન્નેના કારણ અને ઉદ્દેશ ઐક્યને લીધે બીજો પણ એજ સમયના લગભગમાં થએલો હોવો જોઇએ. કુમારપાલે જૈનધર્મનો પૂર્ણતયા ( શ્રાવકના ૧૨ વ્રત ગ્રહણપૂર્વક) સ્વીકાર સં. ૧૨૧૬ માં કર્યો એમ જિનમંડનના પ્રબંધમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષણો લગાડાય તે યથાર્થ જ છે, કારણ કે પ્રથમાવસ્થામાં તે નૃપતિ શૈવજ હતો. બીજું મુખ્ય કારણ એ છે કે 'उमापति वरलब्ध' આદિ બિરૂદો એકલા કુમારપાલનેજ લગાડવામાં આવ્યા છે એમ નથી પરંતુ એ બિરૂદોતો ચૌલુક્યોના કુલક્રમાગત આવેલા હોય તેમ જણાય છે. કારણ કે એ વંશના બીજા પણ રાજાઓને ઉકત બિરૂદો લગાડેલા બીજા બીજા લેખોમાં સ્પષ્ટ જોવાય છે. આ કારણને લઈને કુમારપાલને, પરમ આર્હત થયાં છતાં, એ કુલક્રમાગત ઉતરી આવેલા વિશેષણોનો ત્યાગ કરવાનું કાંઇ કારણ નથી. જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતોને બાધકર્તા ન થાય તેવી કોઈ પણ પ્રકારની કુલ–મર્યાદાનું ઉલ્લંઘન કરવા કે વિધાન કરવા સંબંધી વિચારો શ્રમણ ભગવાન મહાવીરે ઉપદેશ્યા નથી. વીતરાગ થયા છતાં એ મહાનિર્ગ્રંથ પોતાને 'ज्ञातपुत्र' ના સ્વકુલસૂચક વિશેષણથી હમેશાં પ્રકટ કરતા હતા ! આ સંબંધમાં વિશેષ અન્યત્ર લખવા ઇચ્છા છે. ‡

કુમારપાલે, આ લેખમાં વર્ણવેલા મંદિરને, શાસ્ત્રોકત વિધિએ તેનું પ્રવર્તન ચાલે તેટલા માટે, વાદીન્દ્રદેવાચાર્યના સમુદાયને સમર્પણ કર્યું, એવું જે કથન આ લેખમાં છે તે પણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. કુમારપાલના સમયમાં તેમજ તેના પૂર્વે ઘણા લાંબા સમયથી શ્વેતામ્બર–સંપ્રદાયમાં ચૈત્યવાસી યતિવર્ગનો ઘણો જોર જામેલો હતો. તે યતિઓએ જૈનમંદિરોને, મધ્યકાલના બૌદ્ધ વિહારો–મઠોના જેવા આકાર–પ્રકારમાં ફેરવી દીધાં હતાં. રાજા–મહારાજાઓ અને સત્તાધારી શ્રાવકો–મહાજનો તરફથી મંદિરોના નિભાવ ખર્ચે જે ગામોનાં ગામો આપવામાં આવતા તેમની સઘળી વ્યવસ્થા એ ચૈત્યવાસી યતિવર્ગ કરતો અને જમીનની ઉપજનો ઉપભોગ પણ એજ વર્ગ સ્વેચ્છાપૂર્વક કરતો હતો. જૈન આચારને નહિં છાજે તેવી રીતભાતો પણ એ ચૈત્યાલયોમાં ચાલતી હતી. આવી પરિસ્થિતિના

‡ ગાયકવાડ'સ ઓરિએન્ટલ સીરીઝમાં છપાતા, સોમપ્રભાચાર્યરચિત કુમારપાલ પ્રતિબોધની પ્રસ્તાવના જોવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામે ધીરે ધીરે જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મની માફક નિર્વાણ દશાને પ્રાપ્ત થશે કે શું એવો ભય કેટલાક વિદ્વાન્ અને વિચારવાન્ યતિવર્ગને ઉત્પન્ન થયો અને તેમણે પોતાની નિર્બળતાનો ત્યાગ કરી શુદ્ધ જૈનાચારનો સ્વીકાર કર્યો. આ લેખમાં વર્ણવેલા વાદી–દેવસૂરિનો યતિસમૂહ પણ તેવોજ શુદ્ધાચારી હતો. જેમ જેમ આવા શુદ્ધાચારીયોની સંખ્યા વધતી ગઈ, અને તેઓ ચૈત્યવાસિયોની શિથિલતા–આચારહીનતાનો પ્રકટપણે વિરોધ કરતા ગયા તેમ તેમ બંને વર્ગોમાં પરસ્પર ભેદભાવની વૃદ્ધિ થવા લાગી અને પરિણામે વાદ–વિવાદની વૃદ્ધિ થઈ શત્રુભાવ જણાવા લાગ્યો. ચૈત્યવાસિયો કે જેમની સંખ્યા અને સમાજમાં લાગવગ ઘણી પ્રબળ હતી તેઓ, આ નવીન ઉત્પન્ન થએલા વિરોધી વર્ગનો દરેક રીતે બહિષ્કાર કરતા–કરાવતા, પોતાની સત્તા નીચે રહેલા જૈન મંદિરોમાં તેમને પ્રવેશતા અટકાવતા અને વધારે જોર ચાલતું ત્યાં ગામમાં પણ રહેવા માટે કનડતા. સિદ્ધરાજ અને કુમારપાલના રાજ્યકાલમાં આ સ્થિતિમાં ઘણોક ફેરફાર થઇ ગયો હતો, તો પણ કેટલાક જૂના અને પ્રધાન મંદિરોમાં હજી પણ તેવી જ સ્થિતિ ચાલતી હતી. આજ કારણને લઈને કુમારપાલે પોતાના બંધાવેલા આ જાવાલિપુરના 'કુંવર વિહાર' નામના મંદિરને શુદ્ધાચારી દેવાચાર્યના સમુદાયને સમર્પણ કર્યું હોય તેમ જણાય છે, કે જેથી વીતરાગભાવ પ્રાપ્ત કરવા–કરાવા માટે બંધાયેલા એ દેવસ્થાનનો બીજા મંદિરોની માફક જાગીર તરીકે ઉપભોગ ન થાય અને તે દ્વારા આચારહીનતાને ઉત્તેજન ન મળે. ભાવુક યતિવર્ગને, ચૈત્યવાસિયોની સત્તા નીચે રહેલા મંદિરોમાં દેવદર્શન જવા માટે જે હરકતો અને કનડગતો થતી, તે દૂર કરવા માટે, તે વખતે નવીન ચૈત્યો ઠેકાણે ઠેકાણે તૈયાર થતા હતા, અને તેમને ' વિધિચૈત્ય ' કહેવામાં આવતાં હતાં. આ લેખમાં વર્ણવેલુ ' કુમારવિહાર ' ચૈત્ય પણ તેમાનુ જ એક ગણાવું જોઇએ.

લેખના બીજા ભાગમાં જણાવેલો ભાં. પાસૂનો પુત્ર ભાં. યશોવીર, તે વખતે જાલોરના જૈન સમાજનો એક મુખ્ય શ્રીમાન અને રાજમાન્ય

૩૨



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

શહેરી હોય તેમ જણાય છે. તેણે એક યુગાદિદેવ ( આદિનાથ )નું ચૈત્ય બંધાવ્યું હતું અને તેના યાત્રોત્સવ નિમિત્તે ખેલવા માટે, ઉપર્યુક્ત વાદિ દેવસૂરિના પ્રશિષ્ય અને જયપ્રભસૂરિના શિષ્ય કવિ રામભદ્રે प्रबुद्ध रौहिणेय નામના એક સુન્દર નાટકની રચના કરી હતી. એ નાટકની શરૂઆતમાં ( નાંદી બાદ, પારિપાર્શ્વના પ્રવેશ થયા પછી ) સૂત્રાધારના મ્હોંઢેથી, રામભદ્ર યશોવીરની નીચે આપ્યા પ્રમાણે પ્રશંસા કરાવે છે—

**सूत्राधार**—श्री चाहमानासमानलक्ष्मीपतिपृथुलवक्षस्थलकौस्तुभायमाननिरुपमानगुणगणप्रकर्षौ श्री जैनशासनसमभ्युन्नतिविहितासपत्नप्रयत्नोत्कर्षौ प्रोद्दामदानवैभवोद्ध विष्णुकीर्त्तिकेतकीप्रबलपरिमलोल्लासवासिताशेषदिगन्तरालौ किं वेत्सि श्रीमद्यशोवीर-श्रीअजयपालौ ?

यौ मालतीविचकिलोज्ज्वलपुष्पदन्तौ
श्रीपार्श्वचन्द्रकुलपुस्करपुष्पदन्तौ ।
राजप्रियौ सततसर्वजनीनचित्तौ
कस्तौ न वेत्ति भुवनाद्भुतवृत्तचित्तौ ॥

આ અવતરણ ઉપરથી જણાય છે કે યશોવીરને તેના જેવોજ ગુણવાન્ અજયપાલ નામે લઘુ ભાઇ પણ હતો. આ બંને ભાઈયો પોતાના રાજ્યકર્તા ચાહમાન ( જે આ લેખમાં જણાવ્યા પ્રમાણે સમરસિંહદેવ નામે હતો ) ના અત્યંત પ્રીતિપાત્ર, સર્વજનના હિતચિંતક, જૈન ધર્મની ઉન્નતિના અભિલાષી અને મ્હોટા દાનેશ્વરી હતા.

આ પ્રસ્તુત લેખ સંગ્રહમાંથી, જાલોર નિવાસી અને લૃગભગ સમકાલીન જ એવા ત્રણ નામાંક્તિ યશોવીર મળી આવે છે જે એક ખાસ નોંધ લેવા લાયક બાબત લાગે છે. આ ત્રણમાંથી, એક તો આ લેખની ઉપર આવેલા લેખ ( નં. ૩૫૧ ) માં જણાવેલો શ્રી માલવંશ વિભૂષણ સેઠ યશોદેવનો પુત્ર યશોવીર, બીજો આ ચાલુ લેખમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલો ભાં. પાસૂનો પુત્ર યશોવીર, અને ત્રીજો લેખ નં. ૧૦૮-૯ આદિમાં જણાવેલો મંત્રી ઉદયસિંહનો પુત્ર અને ' કવિબન્ધુ ' ની પદવી ધરાવનાર મંત્રી યશોવીર. જેમાં આ છેલ્લો તો ઘણું કરીને, આ લેખમાં જણાવેલા ચાહમાન રાજા સમરસિંહની ગાદિએ આવનાર ઉદયસિંહનો મંત્રી હતો અને ગુર્જર મહામાત્ય વસ્તુપાલનો ખાસ મિત્ર હતો.

( ૩૫૩ )

આ લેખ પણ એજ તોપખાનાની પશ્ચિમ બાજુએ આવેલી પરસાળના એક સ્તંભ ઉપર કોતરેલો મળી આવ્યો છે. શ્રીયુત ડી. આર. ભાંડારકર આનું વર્ણન આ પ્રમાણે આપે છે. *

આ લેખ ૨૭ પંક્તિમાં લખાએલો છે. તેની પહોળાઈ ૪૩/૪ " તથા લાંબાઇ ૧ ' ૮ " છે. લીપી નાગરી છે. ख ને બદલે ष ખોદેલો છે. આખો લેખ ગદ્યમાં છે. ઘણાં ઠેકાણે व ને બદલે ब વાપર્યો છે અને र પછી આવેલા અક્ષરને બેવડો કર્યો છે. જેમકે सुवर्णगिरौ ( પં. ૩ ) બે શબ્દો ધ્યાન ખેંચે તેવા છેઃ એકતો ' નિશ્રાનિક્ષેપહટ્ટ ' ( પં. ૨૨-૨૩ ) જેનો અર્થ નક્કી થાય તેમ નથી; અને બીજો શબ્દ ' ભાટક ' ( પં. ૨૪ ) જેનો અર્થ અહીં ' ભાડું ' થતો હોય એમ લાગે છે. ' નિશ્રાનિક્ષેપ ' નો અર્થ અમારા મત પ્રમાણે નીચે મુજબ હશે; ' હટ્ટ ' નો અર્થ ' બજારમાં આવેલું મકાન ' હોવો જોઇએ; ' નિશ્રા ' એટલે ' નિસાર ' જેનો અર્થ મારવાડમાં ' પરગામ જતો માલ-માલની નિકાસ ' થાય છે. તેમજ પરગામથી આવતા માલને તેઓ ' પસાર ' કહે છે. તેથી હવે એવો અર્થ કરી શકાય કે ' બજારનો એક ભાગ કે જ્યાં બહારગામ જતા માલનો જથ્થો કરવામાં આવે. '

લેખની મિતિ પ્રારંભમાં આપ્યા પ્રમાણે ' સંવત્ ૧૩૫૩ ના વૈશાખ વદિ ૫ ને સોમવાર ' છે. તેના પછી સુવર્ણગિરિમાં રાજ્યકરતા મહારાજ કુલ સામંતસિંહ તથા તેમના ચરણકમલની સેવા

* એપિગ્રાફિઆ ઇન્ડિકા. પુ. ૧૧, પૃ૦ ૬૦.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા અને 'રાજ્યધુરા' ને ધારણ કરતા કાન્હડદેવનું નામ આપ્યું છે. સુવર્ણગિરિ એ ઉપરના લેખમાં જણાવેલો કનકાચલ જ છે અને તે જાલોરની કિલ્લાની ટેકરીનું નામ છે તે પ્રસિદ્ધ જ છે. કાન્હડદેવ તે સામંતસિંહનો પુત્ર હતો. [ અને જાલોરનો છેલ્લો સ્વતંત્ર રજપૂત રાજા હતો. સુલ્તાન અલ્લાઉદ્દીન ખીલજીએ સંવત્ ૧૩૬૬ વા ૬૮ માં જાલોર ઉપર ચઢાઈ કરી તેમાં આ અને એનો પુત્ર વીરમદેવ બંને માર્યા ગયા અને એની સાથે જાલોરના ચૌહાણ રાજ્યની પણ સમાપ્તિ થઇ. પદ્મનાભ કવિનો રચેલો 'કાન્હડદે પ્રબંધ' નામનો જે ગુજરાતી રાસો રા. રા. શ્રી ડાહ્યાભાઇ પી. દેરાસરિએ વિદ્વત્તા ભરેલી સુંદર રીતે છપાવીને પ્રકટ કર્યો છે તેમાં આના સંબંધી સવિસ્તર હકીકત આપેલી છે.—સંગ્રાહક. ]

કોઈક નરપતિ નામના ગ્રહસ્થે પોતાની સ્ત્રી નાયકદેવીના પુણ્યાર્થે, બજારમાં આવેલું પોતાનું મકાન કે જેમાં પરગામ જતા માલનો સંગ્રહ કરવામાં આવતો હતો તે ધર્મદાય તરીકે ભેટ આપ્યું, અને તેનું જે ભાડું આવે તેનાથી દર વર્ષે પાર્શ્વનાથના દેવાલયમાં, તેના ગોષ્ઠિકો ( શ્રાવકો ) એ પંચમીનો બલિ કરવો' [ બલિ એટલે પૂજા આદિ ભણાવવામાં આવે તે; ] એ બાબત જણાવવા માટે આ લેખ કરવામાં આવ્યો છે. આ ભેટ આપવામાં, ભેટકર્તાના કુટુંબીઓ તથા સુવર્ણગિરિમાં જ રહેતો કોઇક સંઘપતિ ગુણધર પણ તેનો સાથી હતો. લેખમાં ભેટકર્તાના કુટુંબીઓનાં નામો અને વંશવૃક્ષ પણ આપ્યું છે. ઠાકુર આમ્બડનો પુત્ર ઠાકુર જસ અને તેનો પુત્ર સોની મહણસીંહ એ નરપતિનો પિતા થાય. મહણસીંહને બે પત્નિઓ હતી. ( ૧ ) માલ્હણિ અને ( ૨ ) તિહુણા. પહેલી પત્નીથી તેને રત્નસીંહ, ણાખો, માલ્હણ અને ગજસીંહ નામે પુત્રો થયા; અને બીજી થી નરપતિ, જયતા અને વિજયપાલ પુત્રો થયા. આ બધા પુત્રો 'સોની' ના ઉપનામથી ઓળખાતા હતા. નરપતિને બે સ્ત્રીયો હતીઃ ( ૧ ) નાયકદેવી, ને ( ૨ ) જાલ્હણદેવી. પહેલી સ્ત્રીથી થએલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રોનાં જ આ ઠેકાણે નામો આપ્યાં છે. તે આ પ્રમાણે–લખમીધર, ભુવણપાલ અને સુહડપાલ. આ ઉપરથી તેમજ આ લેખ નાયકદેવીના જ સ્મરણાર્થે કોતરાવેલો હોવાથી, એમ સૂચિત થાય છે કે આ દાન કરતી વેળા નાયકદેવી મૃત્યુ પામી હતી અને તેના બદલે નરપતિ જાલ્હણદેવીને નવી જ પરણ્યો હતો અને તે વખતે તેનાથી તેને કોઇ પુત્ર થયો ન હતો. તેથી આ ભેટ વખતે તેની બીજી સ્ત્રી તથા પહેલી-ના પુત્રોએ સાથ આપ્યો હતો.

જાણવા જેવી બાબત એ છે કે નરપતિ અને તેના ભાઇઓ વિગેરે 'સોની' કહેવાતા હતા. 'સોની' નો અર્થ આ ઠેકાણે 'ઘરેણાં ઘડનાર' થઇ શકે નહિ. કારણ કે તેના પિતા અને પિતામહને ઠાકુર કહ્યા છે. મારવાડમાં ઓસવાલ, સરાવગી અને મહેસરી એવી વાણિયાઓની ત્રણ પ્રસિદ્ધ જ્ઞાતિઓમાં આ 'સોની' નામની 'અડક' વાળી એક પ્રખ્યાત જાત મળી આવે છે. મહેસરી જૈન નહિ હોવાને લીધે તેમને અહિં ઉલ્લેખવાની આપણને જરૂર નથી. જો કે સરાવગી જૈનો છે છતાં મારવાડના દક્ષિણ ભાગમાં તેઓ મળી આવતા નથી. આથી એમ જણાય છે કે નરપતિ વિગેરે ઓસવાલ સોની હશે. એમ કહેવાય છે કે મહેસરીઓની મૂળ જાત (નખ) 'સોનીગરા' હતી. જેમ એ શબ્દ મહેસરીને લાગુ પડે છે તેમ બીજા સોનીઓને પણ લાગુ પડે છે જ. એમ પણ હોઇ શકવા સંભવ છે કે–મુસલમાનોના ત્રાસથી કેટલાક રજપુતો જૈન બનીને વાણિયામાં ભળી ગયા છે તેમાંથી જ કોઇક જાતનું નામ 'સોનીગરા' હશે. ચોહાણની એક જાતિનું નામ પણ સોનીગરા છે અને તેવું નામ જાલોરના આ કિલ્લા સુવર્ણગિરિ (સોનાગિરિ) ઉપર વસવાથી જ પડયું છે. જો કે અત્યારે તો આ લેખવાળો સ્તંભ 'તોપખાના' માં આવેલો છે પરંતુ પ્રથમ તે કિલ્લા ઉપરના કોઇક મંદિરમાં આવેલો હોવો જોઇએ. નરપતિ જો કે ઓસ-વાલ સોની હશે પરંતુ મૂળ તે સોનીગરા (ચૌહાણ) હશે. મહણ-સીંહ જ પ્રથમ ઓસવાલ થયો હશે કારણ કે તેને જ 'સોની'



Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

લખવામાં આવ્યો છે. તેના પિતા અને પિતામહ ઠાકુર તરીકે લખાયા છે તેથી તેઓ રજપુત જ હશે.

( ૩૫૪ થી ૩૫૯ )

આ નંબરો નીચે આપેલા લેખો જાલોરના કિલ્લામાં વર્તમાનમાં જે જૈનમંદિરો વિદ્યમાન છે તેમની અંદર રહેલી પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. બધા લેખો સં. ૧૬૮૧ થી ૮૪ સુધીના છે, અને તપાગચ્છના આચાર્ય વિજયદેવસૂરિના આદેશ-ઉપદેશથી એ મંદિરોની પ્રતિષ્ઠા વિગેરે થઇ હોય એમ એ લેખો ઉપરથી જણાય છે. આ મંદિરો અને લેખો સંબંધી થોડુંક વર્ણન શ્રી ડી. આર. ભાંડારકર નીચે પ્રમાણે આપે છે. *

જાલોરનો કિલ્લો લગભગ ૮૦૦ યાર્ડ લાંબો અને ૪૦૦ યાર્ડ પહોળો છે. આગળ પાછળના મેદાનથી ૧૨૦૦ ફીટ લાંબી એવી એક ટેકરી ઉપર તે આવેલો છે. ત્યાંથી આખું શહેર દેખાય છે અને ટેકરીના ઉત્તર તરફના ઢાળાવ ઉપર આ ગામ વસેલું છે. આ ગઢને ૪ દ્વારો છેઃ—સૂરજપોળ, ધુપોળ, ચાંદપોળ અને લોહુપોળ. ગઢ ઉપર જાણવા જેવા લાયક ફક્ત બે જૈનમંદિરો અને એક કબર છે. એક જૈન દેવાલય ચૌમુખ છે અને તેને બે માળ છે. પ્રથમ માળમાં આદિનાથ, સુપાર્શ્વનાથ, અજિતનાથ અને શ્રેયાંસદેવ એમ ચારે બાજુ ચાર જિનની પ્રતિમાઓ પ્રસ્થાપિત છે. આ પ્રતિમાઓ ઉપર લેખો કોતરેલા છે અને તેમાં પણ ઉપર પ્રમાણે નામો આપેલાં છે. બીજા માળ ઉપરની ફક્ત ત્રણ પ્રતિમાઓ ઉપર લેખો છે જેમનાથી જણાય છે કે તે મૂર્તિઓ સુવિધિનાથ, અરનાથ અને સંભવનાથની છે. આ સર્વ પ્રતિમાઓ વિ. સં. ૧૬૮૩ માં જયમલ્લ તથા તેની સ્ત્રિયો સરૂપદે અને સોહાગદે બેસાડેલી છે.

પશ્ચિમના દ્વાર આગળ ખૂંણામાં એક મનુષ્ય પ્રમાણ મૂર્તિ સ્થાપિત છે જે કુંથુનાથતીર્થંકરની છે. તેના ઉપરના લેખની મિતિ 'સં-

* આર્કિઓ લૅાજીકલ વેસ્ટર્ન સર્કલ, પ્રોગ્રેસ રીપોર્ટ, સન ૧૯૦૬.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વત્ ૧૬૮૪ વર્ષે માઘ સુદી ૧૦ સોમે ’ છે. આ પ્રતિમા મેડતા (શહેર) ના એક ઓસવાલ નામે સામીદાસે કરાવી અને વિજય-દેવસૂરિના હાથે તેની સ્થાપના થઇ, એમ એ લેખમાં જણાવ્યું છે.

બીજા જૈનમંદિરમાં ત્રણ તીર્થંકરોની મ્હોટી મૂર્તિઓ છે. દરેક ઉપર લાંબો લેખ કોતરેલો છે જે વાંચતા જણાય છે કે મધ્યસ્થિત મૂર્તિ મહાવીરની છે અને તેની જમણી બાજુએ ચંદ્રપ્રભની તથા ડાબી બાજુએ કુંથુનાથની છે. આ પ્રતિમાઓ વૃદ્ધશાખાના અને મુણો-ત્રગોત્રના એક ઓસવાલ નામે જયમલ્લજીએ કરાવી હતી. આ લેખો-ની મિતિ ‘સંવત્ ૧૬૮૧ વર્ષે પ્રથચૈત્ર વદિ ૫ ગુરૂવાર’ની છે, અને તે રાઠોડવંશીય સૂરસિંહજીના ઉત્તરાધિકારી મહારાજા શ્રી ગજ-સિંહજીના રાજ્યસમયમાં થએલા છે. નાડોલવાળી મ્હારી વિગતમાં જણાવ્યા પ્રમાણે ગજસિંહ તે રાજા સૂરનો પુત્ર તથા વારસ અને જોધ-પુરનો રાજા હતો. આ જયમલ્લજી તે સાહુજેસા અને તેની સ્ત્રી નામે જયવંતદેનો પુત્ર હતો. તેને બે સ્ત્રીયો હતીઃ-સરૂપદે અને સોહાગદે. પહેલી સ્રીથી તેને નૈણસી, સુંદરદાસ અને આસકર્ણ નામે પુત્રો થયા. બીજી સ્ત્રીથી જયમલ્લ થયો. આ પુત્રોમાંથી નૈણસી ઘણો જ પ્રખ્યાત થયો. મારવાડનો સૌથી વિશેષ પ્રખ્યાત ઇતિહાસ જે માત્ર મારવાડ માટે જ નહિ પણ મેવાડ તથા રાજપુતાનાનાં બીજાં રાજ્યો માટે પણ ઘણો ઉપયોગી છે, તે ઇતિહાસ તેણે રચ્યો છે. તેનું નામ “ મૂતાં નૈણસીજીરી ખ્યાત ” છે. લેખોના આગળના ભાગમાં જણાવેલું છે કે-આ મૂર્તિઓ તેણે પોતાના ભાઈ જયરાજ તથા પુત્ર-પૌત્રોના શ્રેયાર્થે, સુવર્ણગિરિના મ્હોટા ગઢ ઉપર આવેલા કુમારવિહાર નામે મહાવીરના મંદિરમાં સ્થાપન કરી હતી, જેમને વિજયદેવ સૂરિની આજ્ઞાથી પંડિત જયસાગર ગણિએ પ્રતિષ્ઠિત કરી. ગૂઢમં-ડપમાં બે બાજુએ બે દેવગૃહો છે જેમાંના એકમાં સંવત્ ૧૮૬૩ વર્ષે આષાઢ વદિ ૪ ગુરૌ ’ ને દિવસે જયમલ્લજીએ ધર્મનાથની પ્રતિમા બેસાડી. બીજા દેવગૃહની મૂર્તિ ઉપર પણ એજ મિતિનો લેખ છે. પરંતુ તેમાં તેના સ્થાપકનું નામ આપેલું નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દેવાલયનો જે જૂનો ભાગ છે તે માત્ર બહારની ભીંતો રૂપે છે. તે ભીંતો સોલંકી વખતની છે. અને લેખોમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલની કરાવેલી હોવી જોઇએ. ઉપર જોયા પ્રમાણે 'તોપખાના' ના એક લેખમાં* પણ કુમારપાલના દેવાલય વિષે ઉલ્લેખ છે. જે આજ દેવાલય હોવું જોઇએ. તે લેખમાં લખ્યા મુજબ, તે વખતે આ દેવાલય મૂળ પાર્શ્વનાથના નામનું હતું. પાછળથી એ દેવાલયનો નાશ કરવામાં આવ્યો અને આની સામગ્રીવડે નીચેની કબર બાંધવામાં આવી. પાછળથી આ જયમલ્લજીએ એનો પુનરૂદ્ધાર કર્યો અને મૂળનાયક તરીકે મહાવીરની મૂર્તિ સ્થાપન કરી.

( ૩૬૦ )

જાલોર ગામની બહાર સંડેલાવ નામનું એક મ્હોટું તલાવ છે. અને જેનું પાણી આખું ગામ પીએ છે, તેના કિનારે ચામુંડામાતાનું એક મંદિર આવેલું છે. આ મંદિરને લગતીજ એક ઝુંપડી છે અને તેમાં એક મૂર્તિ છે જેને ત્યાંના લોકો 'ચોસઠ જોગિણી' કહે છે, તેના ઉપર આ નંબરવાળો લેખ કોતરેલો છે. લેખમાં જણાવ્યું છે કે, સંવત ૧૧૯૫ ના વૈશાખ વદિ ૧ ને શનિવારના દિવસે જાવાલિપુરના ચૈત્યમાં કોઈ વીરક પુત્રે સુવિધિનાથના ખત્તકનું દ્વાર ધર્માર્થે કરાવી આપ્યું. આ કાર્યમાં તેને તેની સ્ત્રી નામે જિનમતિએ પ્રોત્સાહન આપ્યું હતું. આ ઉપરથી જણાય છે કે તે એક જૈન મૂર્તિ છે, પરંતુ શ્રી ભાંડારકરના લખવા પ્રમાણે હાલમાં હિંદુઓ 'ચોસઠ જોગિણી' ના નામે તેની પૂજા કરે છે.

( ૩૬૧ )

આ લેખ, 'તોપખાના'માંજ એક ઠેકાણે કોતરેલો મળી આવ્યો છે. સં. ૧૨૯૪ માં, શ્રીમાલી જાતિના કોઈ વીજાક નામના શ્રાવકે પોતાંના પિતા ઝાંપાના શ્રેયાર્થે જાવાલિપુરના શ્રી મહાવીર ચૈત્યમાં કરોદિ (?) કરાવી, એવી હકીકત્ત આપેલી છે.

---

* જુઓ, લેખ નંબર ૩૫૨ અને તેનું અવલોકન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩૬૨ )

આ લેખ માટે, મી. ભાંડારકરે નીચે પ્રમાણે નોંધ આપી છે—

ઝનાના ગેલેરીનો એક લેખ જેની મિતિ 'સાંવત્ ૧૩૨૦ વર્ષે માઘ સુદિ ૧ સોમે' છે, તેમાં એવું લખાએલું છે કે, નાણુકગચ્છને અંગે આવેલા ચંદનવિહાર નામના દેવાલયના મહાવીર દેવની પૂજા માટે, ક્ષિમ્બરાયેશ્વરના દેવાલયના મુખ્ય પૂજક ભટ્ટારક રાવલ લક્ષ્મીધરે ૧૦૦ દ્રમ્મની બક્ષીસ કરી.

( ૩૬૩ )

આ લેખ પણ ઝનાના ગેલેરીમાં આવેલો છે. એની મિતિ સં. '૧૩૨૩ વર્ષે માર્ગશીર્ષ સુદિ ૫ બુધે' છે અને તે ચાહુમાન રાજા ચાચિગદેવના વખતનો છે. તેમાં એમ કહેવામાં આવ્યું છે કે નરપતિ નામે તેલિયા ઓસવાલે ચંદનવિહારના મહાવીરના ભંડારમાં ૫૦ દ્રમ્મ આપ્યા. તેનો વ્યાજ, જે અર્ધો દ્રમ્મ થાય છે, તેના વડે દર માસે, એ નરપતિએજ કરાવેલી જિનયુગલની પ્રતિમાની પૂજા ભણાવવાનું ઠરાવવામાં આવ્યું છે. એ ચંદનવિહારના મુખ્ય અધિષ્ઠાતા તે નાણુકગચ્છના ધનેશ્વરસૂરિ હતા.